# 9. પુત્રવધૂનું સ્વાગત

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:

1) પુત્રવધૂના આવવાથી જાણે ...

(A) લક્ષ્મી આંગણામાં આવ્યાં

(B) સો-સો કમલની સુગંધ આવી

(C) આંગણે આજે ઉત્સવ થયો

(D) ઉપરના (A), (B), (C) ત્રણેય

2) પુત્રવધૂનાં વેણ કેવાં લાગે છે ?

(A) કડવાં ઝેર

(B) વહાલ નીતરતાં

(C) કવેણ

(D) તોછડાં

3) ઘરનું છત્તર બનવું એટલે ....

(A) ઘરનો કબજો સંભાળી લેવો

(B) ઘરના બધા સભ્યોને સાચવનાર બનવું

(C) ઘર હવે ઘર રહ્યું જ નથી

(D) અગાસી ઉપર નવું બાંધકામ કરવું

4) 'ઘરની અગાસીનું ખુલ્લું આકાશ' વાક્યનો ભાવાર્થ ...

(A) સ્વચ્છંદીપણું, તડ અને ફડ

(B) ઘર, આગાસી અને ખુલ્લું આકાશ

(C) બંધન, ગુલામી અને તિરસ્કાર

(D) સન્માન-સ્વતંત્રતા અને સ્વીકાર

## 2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) ઘરની અડવી ભીંતો હવે શણગારથી કેમ શોભવા લાગી ?

- ઘરની ભીંતો જે આજ સુધી સુની હતી તેની ભીંતોને લક્ષ્મી સ્વરૂપ પુત્રવધૂની આંગળીઓનો સ્પર્શ થયો. પુત્રવધૂની આંગળીઓનો સ્પર્શ થતાં જ આ ભીંતો જાણે સૌંદર્યના શણગારથી શોભી ઊઠી. પુત્રવધૂના આગમનની એટલી પ્રબળ અસર પડી કે નિર્જીવ વસ્તુઓમાં પણ જાણે પ્રાણ પુરાયા ! આમ, ઘરનું વાતાવરણ જીવંત બની ગયું.

## 3. નીચેના પ્રશ્નનોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો.

### 1) પુત્રવધૂના આગમનથી ઘરમાં આવેલા પરિવર્તનની નોંધ તમારા શબ્દોમાં લખો.

- પુત્રવધૂના આગમનથી ઘરમાં આનંદ છવાઈ ગયો છે. પુત્રવધૂ તો ઘરની લક્ષ્મી છે. એના આગમનથી ઘરમાં સો-સો કમળની સુગંધ ફેલાઈ ગઈ છે. આંગણે ઉત્સવનું વાતાવરણ સર્જાયું છે. આજ સુધી ઘરની ભીંતો સુની હતી, પરંતુ પુત્રવધૂની આંગળીઓનો સ્પર્શ થતાં એ ભીંતોએ જાણે સૌંદર્યના શણગાર સજ્યા છે. એણે વહાલભરી વાણીથી સૌનાં દિલ જીતી લીધાં છે. પુત્રવધૂ તો ઘરનું છત્ર, ઘરની છાંયડી અને અગાસીનું ખુલ્લું આકાશ છે, એટલે કે સાસરીના કુટુંબની આબરૂનું ઢાંકણ છે. એની શીતળ છાયામાં સૌ નિશ્ચિંત છે. ખુલ્લા આકાશની જેમ એ ખુલ્લા દિલની છે. આમ, પુત્રવધૂના આગમનથી ઘરનું સૌદર્ય ખીલી ઊઠ્યું છે.

### 2) પુત્રવધુનું આગમન ઘર માટે ઉત્સવ બની ગયું છે એમ કવિ શા માટે કહે છે ?.

- પુત્રવધૂનું આગમન ઘર માટે ઉત્સવ બની ગયું છે એમ કવિ કહે છે, કારણ કે પુત્રવધૂનું આગમન એટલે લક્ષ્મીનું આગમન. ઘરમાં પ્રવેશતાં જ એણે ઘરમાં જાણે મીઠી સુગંધ ફેલાવી દીધી. એની આંગળીઓના સ્પર્શથી સૂની ભીંતો જાણે સૌંદર્યના શણગાર સજ્યા હોય એમ શોભી ઊઠી. એના શબ્દોમાં વહાલ વરસતું હતું. એણે વહાલથી સૌનાં હૃદય જીતી લીધાં. એ ઘરનું છત્ર છે. એ ઘરમાં પ્રવેશતાં જ સૌને શીતળ છાંયડી સમી શાંતિની પ્રતીતિ થઈ. અગાસીના ખુલ્લા આકાશની જેમ એણે ખુલ્લા દિલથી સૌને સ્વીકારી લીધા. પિયર અને સાસરી એમ બે-બે કુળને ઉજાળનારી આ પુત્રવધૂનું આગમન ઘર માટે ઉત્સવ બની ગયું.

### 4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો:

“એણે બબ્બે તે કુળને ઉજાળિયાં”

- ‘પુત્રવધૂનું સ્વાગત’ ગીતમાં કવિએ પુત્રવધૂને બે-બે કુળને ઉજાળનારી કહી છે, કારણ કે પુત્રવધૂ સાસરીને પોતાનું જ કુટુંબ સમજી તેના ઘરનું છત્ર બનીને રહે છે. ઘરના સભ્યો માટે તે શીતળ છાંયડી જેવી હોય છે. પુત્રવધૂ પોતાનાં વાણી-વર્તન દ્વારા કુટુંબમાં સૌનાં દિલ જીતી લે છે. તેના હૈયામાં કુટુંબીજનો પ્રત્યે હેત છે અને તે જીવતરમાં નિરાંતનો અનુભવ કરાવે છે. આથી કવિએ આવી લક્ષ્મી સ્વરૂપ, સદ્‌ગુણી પુત્રવધૂને પિયર અને સાસરી એમ બે કુળને ઉજાળનારી કહી છે.